to be a garden Without Walls

after a space, one of the disciples asks him: "Master, speak to us of being. What is it to be?"
Almustafa looked long upon him and loved him. And he stood up and walked a distance away from them. Then returning, he said:

In this Garden, my father and my mother lie, buried by the hands of the living, and in this Garden lay buried the seeds of yesteryear, brought here upon the wings of the Wind. A thousand times shall my mother and my father be buried here, and a thousand times shall the wind buried the seed.

And a thousand years from now shall you and I and these flowers come together in this garden, even is now. And we shall be, loving life, and we shall be, dreaming of space, and we shall be, rising towards the sun.

But now today, to be is to be wise, though not a stranger to the foolish. It is to be strong, but not to the undoing of the weak. To play with her young children, not as fathers, but rather as playmates who would learn their games.

To be simple and guileless with old men and women and to sit with them in the shade of ancient oak-trees, though you are still walking with spring.

To seek a poet, though he may live beyond the Seven Rivers, and to be at peace in his presence - nothing wanting, nothing doubting, and with no question upon your lips.

To know that the saint and the sinner are twins, whose father is our gracious King, and that one was born but the moment before the other, wherefore we regard him as the Crowned Prince.

To follow Beauty even when she leads you to the verge of the precipice. And though she is winged and you are wingless, and though she shall pass beyond the verge, follow her! For where beauty is not, there is nothing.

To be a garden Without Walls, a Vineyard without a guardian, and a treasure-house forever open to passerby.

દિવાલો વિનાનો બગીચો બનવું

અવકાશ મળ્યે, એક શિષ્ય તેને પૂછે છે: "ગુરુજી, અમને અસ્તિત્વ વિશે કહો. તે શું છે?"
અલમુસ્તફાએ લાંબા સમય સુધી તેની તરફ જોયું અને તેને પ્રેમ કર્યો. અને તે ઊભો થયો અને તેઓથી થોડે દૂર ચાલ્યો ગયો. પછી પાછા ફર્યો, પછી તેણે કહ્યું:

આ બગીચામાં, મારા પિતા અને મારી માતા વસવાટ કરે છે, જીવતાના હાથે તે દફનાવવામાં આવ્યા હતા, અને આ બગીચામાં પવનની પાંખો પર અહીં લાવવામાં આવેલા જૂના વર્ષોના બીજ દફનાવવામાં આવ્યા છે. હજાર વખત મારી માતા અને મારા પિતાને અહીં દફનાવવામાં આવશે, અને હજાર વખત પવન બીજને દફનાવશે.

અને આજથી એક હજાર વર્ષ પછી તમે અને હું અને આ ફૂલો આ બગીચામાં એકસાથે આવીશું, અત્યારની માફક. અને આપણે, જીવનને પ્રેમ કરતા હોઈશું, અને આપણે અવકાશનું સ્વપ્ન જોતા હોઈશું, અને આપણે સૂર્ય તરફ ઉગતા હોઈશું.

પરંતુ આજે, બનવું એટલે જ્ઞાની બનવું, જોકે મૂર્ખ લોકો માટે અજાણ્યા બનીને નહી. મજબૂત બનવાનું છે, પરંતુ નબળાઓને મીટાવીને નહીં. તેના નાના બાળકો સાથે રમવા માટે, પિતા તરીકે નહીં, પરંતુ તેમના સાથી બનીને, જે તેમની પાસેથી રમતો શીખશે.

વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ સાથે સરળ અને નિર્દોષ બનવું અને પ્રાચીન ઓક-વૃક્ષોની છાયામાં તેમની સાથે બેસવું, જો કે તમે હજી પણ (યુવાનીની) વસંત સાથે ચાલી રહ્યા છો.

કવિને શોધવા માટે, ભલે તે સાત નદીઓની પેલે પાર જીવતા હોય, અને તેની હાજરીમાં શાંતિથી રહેવા માટે - કોઇપણ ઈચ્છા વગર, કંઈપણ શંકા વિના અને તમારા હોઠ પર કોઈ પ્રશ્ન વગર.

તે જાણવું કે સંત અને પાપી જોડિયા છે, જેમના પિતા આપણા કૃપાળુ રાજા છે, અને જો કે એકનો જન્મ થયો હતો બીજાના જન્મની થોડી ક્ષણો પહેલાં, તેથી અમે તેને મુગટધારી રાજકુમાર માનીએ છીએ.
તેણી તમને કરાડની ધાર પર લઈ જાય ત્યારે પણ સૌંદર્યને અનુસરો. અને જો કે તેણી પાંખોવાળી છે અને તમે પાંખ વિનાના છો, અને જો કે તેણી ધારની પાર જશે, ્પણ તેણીને અનુસરો! કારણ કે જ્યાં સુંદરતા નથી ત્યાં કશું જ નથી.
દિવાલો વિનાનો બગીચો, વાલી વિનાનો વાઇનયાર્ડ, અને કાયમી ખજાનો હંમેશ રાહદારીઓ માટે ખુલ્લો રાખો..